ISSN: 2349-6002

# પર્યાવરણ અને માનવીના સહઅસ્તિત્વમાં ઊભા થયેલા પ્રશ્નો અને એના સમાધાન સંદર્ભે ધ્રુવ ભટ્ટની નવલકથાઓનો અભ્યાસ

(ધ્રુવ ભટ્ટની ત્રણ નવલકથાઓ: 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ' અને 'અકૂપાર'ના વિશેષ સંદર્ભે)

જીતુભાઈ લાલજીભાઈ ચુડાસમા
*મ. પ્રા., ગુજરાતી વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પાલિતાણા*
doi.org/10.64643/IJIRTV12I8-190422-459

**સારાંશ (Abstract):** આ શોધપત્ર ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત નવલકથાકાર ધ્રુવ ભટ્ટની ત્રણ પર્યાવરણકેન્દ્રી નવલકથાઓ, ‘સમુદ્રાન્તિકે’, ‘તત્ત્વમસિ’ અને ‘અકૂપાર’ના સંદર્ભમાં પર્યાવરણ અને માનવી વચ્ચેના સહઅસ્તિત્વના પ્રશ્નનું વિવેચનાત્મક નિરીક્ષણ રજૂ કરે છે. આ માટે વિવેચનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરીને વર્તમાન સમયમાં માનવ-પર્યાવરણ વચ્ચે સહઅસ્તિત્વમાં ઉદ્ભવતાં સંઘર્ષો, પરિવર્તનો અને એના ઉપાયોની તટસ્થ ચર્ચા કરવામાં આવી છે.

માનવી અને પર્યાવરણ એકબીજાના પૂરક છે એમ કહેવા કરતાં, પર્યાવરણ માનવજીવનનું પોષક તત્ત્વ છે, એવો દૃઢ નિષ્કર્ષ આ નવલકથાઓના કલાત્મક સંદેશમાં વ્યક્ત થાય છે. લેખકે પર્યાવરણનાં જૈવિક અને અજૈવિક ઘટકોમાં થયેલા અનિચ્છનીય ફેરફારોના માનવપ્રેરિત કારણોને અતિ સૂક્ષ્મતા સાથે કલાત્મક રીતે રજૂ કર્યાં છે. આ તમામ કારણોની તટસ્થ તપાસ અને એનું વિશ્લેષણ આ શોધપત્રમાં કરવામાં આવ્યું છે.

ભૌતિક વિકાસની દોટમાં માનવી દ્વારા પર્યાવરણનો અવિચારીપણે ઉપયોગ અને તેના પરિણામે વધતું પર્યાવરણીય નુકસાન આ નવલકથાઓમાં જીવંત રીતે વર્ણવાયું છે. તેમ છતાં, માનવી-પર્યાવરણ વચ્ચે ઊભા થયેલા સંઘર્ષોના સંભવિત ઉપાયો અને સમાધાનના માર્ગો પણ આ ગ્રંથોમાંથી સ્પષ્ટપણે સામે આવે છે. ત્રણેય નવલકથાઓમાં આવેલા સજીવ-નિર્જીવ પાત્રો પર્યાવરણ સાથે સંતુલિત સહઅસ્તિત્વની જરૂરિયાતને સતત ઉજાગર કરે છે, જેના ઉદાહરણો આ શોધપત્રમાં વિશદ રીતે ચર્ચાયાં છે.

આ શોધપત્ર પરથી એવું પ્રતિપાદિત થાય છે કે પૃથ્વી પરના સૌથી બુદ્ધિશાળી પ્રાણી તરીકે ઓળખાતા માનવીએ પર્યાવરણ સાથે સંતુલન સ્થાપવામાં અનેક સ્તરે નિષ્ફળતાઓ મેળવી છે. પ્રકૃતિ પર વિજય મેળવવાના માનવીના અવિચારી પ્રયત્નો છેલ્લા વર્ષોમાં પર્યાવરણને ગંભીર નુકસાન કરનાર સાબિત થયા છે. આ નવલકથાઓ ભારપૂર્વક સૂચવે છે કે સભ્ય ગણાતા માનવીના અસભ્ય વિચાર અને વર્તનથી થયેલા નુકસાનથી મુક્તિ મેળવવા માટે માનવીએ પરંપરા તરફ પાછાં ફરવું આવશ્યક છે. ટકાઉ વિકાસ એ ત્યારે જ શક્ય બનશે જ્યારે માનવી પર્યાવરણને ફક્ત સંસાધન તરીકે નહીં, પણ પોતાના અસ્તિત્વના આધારરૂપ તત્ત્વ તરીકે સ્વીકારશે, એવું આ શોધપત્ર દૃઢપણે રજૂ કરે છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** માનવી, પર્યાવરણ, સાહિત્ય, સહઅસ્તિત્વ, ટકાઉ વિકાસ, પરંપરા, જળવાયુ પરિવર્તન

## I.પરિચય (An Introduction)

*“વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી;*
*પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ” (જોષી ઉમાશંકર)*

 ISSN: 2349-6002

કવિ ઉમાશંકર જોષીની ઉપરોક્ત કાવ્યકન્ડિકાઓ પર્યાવરણ વિશે ઘણું બધું કહી જાય છે. તોપણ સાંપ્રત પરિસ્થિતિઓ જોતાં એવું લાગે કે મનુષ્યએ હવે પોતાના મૂળ તરફ પાછા વળવાની તાતી જરૂર છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ એવા કોવિડ 19 વિષાણુએ મનુષ્યને એનું સ્થાન બતાવી દીધું છે. માનવજીવનમાં છેલ્લાં થોડાં વર્ષોમાં અણધાર્યાં અને અનિચ્છનીય પરિવર્તનો આવ્યાં છે. ખાન-પાન, રહેણીકરણી, પહેરવેશ, રીતરિવાજો વગેરે બદલાતાં જાય છે ત્યારે કોવિડ 19 એ પ્રકૃતિ સાથે નાતો તોડીને પોતાના વિકાસ માટે નિરંતર દોડતાં રહેતા માનવીને લાગેલી વસમી ઠોકર છે.

આ પૃથ્વી પર કેટલાંક જીવો કરોડો વર્ષોથી પોતાનું અસ્તિત્વ જાળવીને પર્યાવરણને અનુકૂળ થવાની પોતાની ક્ષમતાનો પરિચય આપે છે. એની સરખામણીમાં આપણો(મનુષ્યનો) આ પૃથ્વી પર સમયગાળો ખૂબ ઓછો છે. એમ છતાં આપણે આ પૃથ્વીને, એના પર્યાવરણને અનુકૂળ થવાના બદલે એને આપણા માટે અનુકૂળ કરવામાં પોતાની તમામ શક્તિ જાણે કામે લગાડી છે. પર્યાવરણ એ જળ, જમીન, વૃક્ષો, પશુ-પંખીઓ, જીવજંતુઓ તેમજ ગોચર-અગોચર કે જૈવિક-અજૈવિક ઘટકોથી બનેલું એક એવું આવરણ છે જે આ પૃથ્વીને જીવવાલાયક બનાવે છે. ગામડામાં ખેતી કરતો ખેડૂત, મીઠું પકવતો અગરિયો, દરિયો ખેડતો ખલાસી, જંગલમાં રહેતો આદિવાસી કે પશુપાલન કરતો માલધારી - આ તમામ પર્યાવરણના અભિન્ન અંગો છે. છેલ્લા ત્રણચાર દાયકાથી અને ખાસ કરીને વીસમી-એકવીસમી સદીમાં માણસ દ્વારા ઔદ્યોગીકરણ, શહેરીકરણ, આધુનિકીકરણ અને વિકાસ પાછળની આંધળી દોટના કારણે પર્યાવરણમાં થયેલા અનિચ્છનીય ફેરફારોએ સાહિત્યને પર્યાવરણ તરફ વળવા માટે પ્રેરિત કર્યું છે. જંગલોમાં થતું આડેધડ વૃક્ષચ્છેદન, ખેતીની જમીન પર થતું અતિક્રમણ, નદીઓ અને સમુદ્રોમાં ઠલવાતો રાસાયણિક કચરો અને સિવેઝની ગંદકી, વિકાસના નામે આદિવાસી સંસ્કૃતિઓ પર થતાં અત્યાચારો... વગેરેના કારણે પર્યાવરણનું આખું તંત્ર ઠપ થઈ જવાની ભીતિ ઊભી થઈ છે. આધુનિકતા અને ભૌતિક વિકાસ પાછળની ઘેલછાએ મનુષ્યને એના મૂળમાંથી ઉખેડીને અધ્ધર કરી દીધો છે. સર્વસમાવેશી વિકાસના બદલે માત્ર સ્વવિકાસની સ્વાર્થવૃત્તિને કારણે પર્યાવરણીય ચક્રના એક પછી એક આરા તૂટી રહ્યા છે.

5 જૂનથી 16 જૂન 1972 દરમિયાન સ્ટૉકહોમ ખાતે વિકાસશીલ દેશોએ પર્યાવરણ સંદર્ભે કરેલી બેઠક એક સ્તુત્ય પગલું કહી શકાય. આ બેઠકના અહેવાલમાં પર્યાવરણ સંદર્ભે કરવામાં આવેલી આ વાત આ નવલકથાઓના હાર્દને સ્પષ્ટ રીતે મૂકી આપે છે. રિપોર્ટના Principles 1માં કહેવામાં આવ્યું છે કે "Man has the fundamental right to freedom, equality and adequate conditions of life, in an environment of a quality that permits a life of dignity and well-being, and he bears a solemn responsibility to protect and improve the environment for present and future generations." (United Nations 04) તો જળવાયુ પરિવર્તન અંગે 2023માં પ્રગટ થયેલા એક રિપોર્ટમાં પણ પર્યાવરણ સંદર્ભે ઉચિત નોંધ કરવામાં આવી છે, "Widespread and rapid changes in the atmosphere, ocean, cryosphere and biosphere have occurred. Human-caused climate change is already affecting many weather and climate extremes in every region across the globe. This has led to widespread adverse impacts and related losses and damages to nature and people (high confidence). Vulnerable communities who have historically contributed the least to current climate change are disproportionately affected (high confidence)." (IPCC 4) વર્ષ 2009, 2022 અને 2025માં અનુક્રમે પ્રદર્શિત થયેલી 'Avatar', 'Avatar: The Way of Waters' અને 'Avatar: Fire and Ash'માં દિગ્દર્શક જેમ્સ કેમેરૂને એક અલગ જ દુનિયાનું નિર્માણ કરીને પ્રકૃતિ સાથે મનુષ્યના સંઘર્ષ અને અનુબંધની ઉત્કટ સ્થિતિનું તેમજ માનવ અને પ્રકૃતિ વચ્ચેના સહઅસ્તિત્વનું કલાત્મક નિરૂપણ કર્યું છે.

 ISSN: 2349-6002

માણસ દ્વારા કરવામાં આવેલી અત્યાર સુધીની તમામ વૈજ્ઞાનિક ખોજો ક્યાંક ને ક્યાંક પર્યાવરણના કોઈ તત્ત્વ કે પદાર્થની અનુકૃતિ જ છે. વિજ્ઞાન, સાહિત્ય, કલા કે માણસે વિકસિત કરેલી કોઈપણ વિદ્યાનો પાયો અંતે તો પર્યાવરણ છે. પ્રકૃતિનાં પાંચ તત્ત્વો - હવા, પાણી, અગ્નિ, પૃથ્વી અને આકાશ - આ કોઈને કોઈ રીતે માણસના સર્જનમાં વ્યક્ત થતાં રહ્યાં છે. કહીએ તો આ પંચતત્ત્વોમાંથી કોઈ ને કોઈના વિનિયોગથી જ કોઈ કૃતિનું સર્જન થતું હોય છે.

સાહિત્યમાં પર્યાવરણ એ એક વિવેચનકેન્દ્રી અભિગમ તરીકે ભલે ત્રણ-ચાર દાયકા જૂનો હોય, પણ પર્યાવરણ એ સાહિત્ય અને કલાની દરેક વિધાઓમાં સદીઓથી દૃષ્ટિગોચર થતું તત્ત્વ રહ્યું છે. વિશ્વસાહિત્ય તરફ દૃષ્ટિ કરતાં શેલી, કિટ્સ, વર્ડ્ઝવર્થ, બોદલેર, રિલ્કે વગેરેની કવિતાઓમાં પર્યાવરણ કે પ્રકૃતિ આગવા સ્વરૂપે આવિષ્કરણ પામે છે. ભારતીય સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો છેક વૈદિકકાળથી પર્યાવરણનું મહત્ત્વ રહ્યું છે. ઋગ્વેદની ઋચાઓ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. મહાકાવ્ય રામાયણમાં વાલ્મિકીએ મનમોહક પ્રકૃતિવર્ણનો આપ્યાં છે. 'મેઘદૂત'માં કવિ કાલિદાસે રામગિરિ પર્વતથી લઈ હિમાલયના અલકાપુરી સુધીના ભૂભાગના પ્રકૃતિવર્ણન દ્વારા પ્રકૃતિનું મહિમાગાન કર્યું છે. મધ્યકાળમાં ગુજરાતીમાં કોઈ અજ્ઞાત કવિ દ્વારા રચાયેલું વસંતવિલાસ, રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યો, વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની નવલકથા 'આરણ્યક'... યાદી ખૂબ લાંબી છે. જેમાં પર્યાવરણનાં અગણિત સ્વરૂપોનું દર્શન કરી શકાય છે. ગુજરાતીમાં પણ ભિન્ન ભિન્ન સાહિત્યપ્રકારોમાં પર્યાવરણ કે પ્રકૃતિનું નિરૂપણ વત્તાઓછા અંશે થતું રહ્યું છે. માત્ર અર્વાચીન યુગમાં જ જોઈએ તો કાન્તના ખંડકાવ્યો, ન્હાનાલાલનાં ઊર્મિકાવ્યો, ઉમાશંકર-સુંદરમનાં સૉનેટ, પ્રહ્લાદ પારેખની કવિતાઓ ઉપરાંત કાકાસાહેબ કાલેલકર, ભોળાભાઈ પટેલ, કિશનસિંહ ચાવડા, પ્રવીણ દરજી વગેરેના નિબંધો દ્વારા પર્યાવરણની સુરમ્ય છબિઓ પ્રાપ્ત થાય છે.

સાહિત્યમાં જેમ નારીવાદ કે દલિતવાદ એ સમાજની મૂળભૂત સમસ્યાઓને કારણે અસ્તિત્વમાં આવ્યા છે એમ જ 'નિસર્ગવાદ' પર્યાવરણમાં ઊભા થયેલા વિક્ષેપને કારણે અસ્તિત્વમાં આવ્યો છે. 'Back to Nature' એટલે કે 'પ્રકૃતિ તરફ પાછા વળો'ની એક ચળવળના ભાગરૂપે સાહિત્યમાં નિસર્ગવાદની વિભાવના વિશે ચર્ચાવિચારણાઓ શરૂ થઈ. જો કે આ સંદર્ભે પ્રવર્તતી નિરાશા સંદર્ભે પોતાના એક લેખમાં દર્શિની દાદાવાલા નોંધે છે, "નારીવાદ કે અનુઆધુનિકતાવાદ જેવા વિવાદી વિચારધારાકીય સાહિત્યિક પ્રવાહોની તુલનામાં, પર્યાવરણ અને પ્રકૃતિ વિષેના અભ્યાસના નૈતિક ઉદ્દેશો વિષે લગભગ સર્વસંમતિ પ્રવર્તતી હોવાને કારણે, ઇકો-ક્રિટિસિઝમ વિષે બહુ બુનિયાદી ટીકાઓ નથી થતી." (દાદાવાલા, 5) પરંતુ એ પણ નોંધનીય છે માત્ર પ્રકૃતિવર્ણન સુધી સીમિત રહેતાં સાહિત્યમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી પર્યાવરણની ખેવના પણ ભળી છે, જેના કારણે ગુજરાતી સાહિત્યમાં પર્યાવરણકેન્દ્રી સાહિત્યની એક અલગ ઓળખ ઊભી થઈ છે. પર્યાવરણનાં વિભિન્ન તત્ત્વો માનવીય હસ્તક્ષેપના કારણે પોતાની ઓળખ ગુમાવતાં જાય છે ત્યારે સાહિત્યના માધ્યમથી માત્ર ઉપરછલ્લી માહિતી કે ઉપદેશ દ્વારા નહીં, પરંતુ એને કલાત્મક ઘાટ આપીને માનવના પર્યાવરણ તરફના ઉપેક્ષિત કે ધૃણિત અભિગમમાં ધરમૂળથી ફેરફાર કરવા માટેની આ એક ચળવળ છે. જળ, જમીન અને જંગલ પર નભતાં જૈવિક-અજૈવિક ઘટકોને માનવીય હસ્તક્ષેપના કારણે પોતાનામાં જે ફેરફારો કરવા પડ્યા છે એ ચિંતાનો વિષય છે, જેના કારણે સાહિત્યમાં પણ આ વિષયો ખૂબ જ પ્રતિબદ્ધતાપૂર્વક પ્રયોજાતા થયા છે. પર્યાવરણ એ માત્ર સાહિત્યના ઉદ્દીપક તરીકે ન રહેતાં સર્જનનો મુખ્ય વિષય કે કારણ બન્યું છે. પર્યાવરણકેન્દ્રી સાહિત્ય વાચકને પર્યાવરણના મૂળ સુધી ખેંચી જવાનું કામ કરે છે. પર્યાવરણના માત્ર મનમોહક, ઝાકઝમાળયુક્ત વર્ણનોના બદલે પર્યાવરણના મૂળ સ્વરૂપને યથાતથ સ્વરૂપે પ્રસ્તુત

ISSN: 2349-6002

કરવાનો એક સ્તુત્ય પ્રયાસ છેલ્લાં થોડાં વર્ષોથી ગુજરાતી સાહિત્યમાં પણ થયો છે.

## II.સંદર્ભ (Context)

આ સંશોધન પેપર ધ્રુવ ભટ્ટની ત્રણ નવલકથાઓ - 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ' અને 'અકૂપાર'ને કેન્દ્રમાં રાખી ઉપરોક્ત વિષય સંદર્ભે અભ્યાસ કરે છે. 'સમુદ્રાન્તિકે'માં ધ્રુવ ભટ્ટે ભાવનગરના ગોપનાથથી લઈ દ્વારકા સુધીના સમુદ્રનું અને એની સાથે સંકળાયેલી જૈવિક-અજૈવિક સૃષ્ટિનું આલેખન કર્યું છે. તો 'તત્ત્વમસિ'ની કથા પણ 'ગુજરાતની જીવાદોરી' સમાન નર્મદા નદીની અને એ નદીના આશરે નભતા આદિવાસીઓના જીવનની સાવ જુદું જ પરિમાણ પ્રગટાવતી નવલકથા છે. 'અકૂપાર'માં લેખકે એશિયાટિક સિંહોનું રહેઠાણ અને વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ ધરાવતાં ગુજરાતના ગીરની કથા અને એની સમાંતરે રળિયામણો સમુદ્રકિનારો ધરાવતા ઘેડ વિસ્તારને આવરી લીધો છે.

## III.સાહિત્યિક વિવેચન (Literature Review)

ધ્રુવ ભટ્ટની ત્રણ નવલકથાઓ - 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ' અને 'અકૂપાર' વિશે એકથી વધુ અભ્યાસો, આસ્વાદો અને સમીક્ષાઓ પ્રગટ થઈ છે. ગુજરાતી સાહિત્યજગતે પર્યાવરણકેન્દ્રી નવલકથાઓ તરીકે આ કથાઓની ઠીક ઠીક નોંધ લીધી છે. જેમાંથી કેટલીક નોંધનો ઉલ્લેખ અહીં પ્રસ્તુત જણાય છે.

ચિરાગ ઠક્કર 'સમુદ્રાન્તિકે' વિશેના એક પરિચયાત્મક લેખમાં જણાવે છે, "પ્રકૃતિથી વિમુખ થયેલાં, ચેતનહીન અને જડ જીવનની પ્રકૃતિ તરફની, ચેતના તરફની ગતિ આ કથાનું મુખ્ય વિષયવસ્તુ બનીને તરી આવે છે." (ઠક્કર, ચિરાગ)

સંજય ચૌધરી 'અકૂપાર' વિશે લખે છે, "જંગલ, તેનું પર્યાવરણ, તેમાં રહેતાં લોકોનું જીવન, તેમનો સમાજ અને તેમનાં રીતરિવાજ, લોકોનું પ્રાણીઓ સાથેનું સહજીવન, જંગલની અંદર તેમજ દરિયાકાંઠે રહેતાં કેટલાંક લોકોની લાલચ તથા બહારથી આવતા પ્રવાસીઓની લાલસા તેમજ વાસના વગેરે અંગે ગુજરાતી સાહિત્યમાં પૂર્વે આટલું ઉત્કૃષ્ટ રીતે લખાયું નથી." (ચૌધરી, પરબ 18) તો આ જ નવલકથા વિશે કિશોર વ્યાસ નોંધે છે, "પ્રકૃતિ પ્રત્યે અનર્ગળ ભાવથી જોડાયેલા મનુષ્યોની, એ માટે સંઘર્ષરત લોકોની અને પ્રકૃતિજગતના સહજ સંઘર્ષને પ્રગટ કરતી આ કથા પ્રકૃતિપ્રેમી વાચકોને ગમી જાય એવી છે." (વ્યાસ, પરબ 77)

'તત્ત્વમસિ' નવલકથા વિશે ડૉ. રોશની પટેલ લખે છે, "પરંપરાઓ પણ આપણી સાથે હોય એવી રીતે વિકાસનો માર્ગ પસંદ કરવો જોઇએ. સાંસ્કૃતિક રીતે ટકી રહીને, પરંપરાને જાળવી રાખીને વિકાસ સાધવાની કળા આપણી પાસે છે તો તેનો ઉપયોગ કરવો જોઇએ. આધુનિક પરિવર્તનના સ્વીકાર માટે સંસ્કૃતિનો નાશ કે તેનો ત્યાગ જરૂરી નથી. એ વાત આ કથા પરથી આપણે ખૂબ સારી રીતે સમજી શકીએ છીએ." (પટેલ, 4) 'તત્ત્વમસિ' નવલકથા પરથી બનેલી ફિલ્મ 'રેવા'નો આસ્વાદ કરાવતાં એક લેખમાં ડૉ. નિયતી અંતાણી લખે છે, "એક સીધો નિયમ કદાચ લેખક આપણને બતાવવા માંગે છે કે જો આપણે કુદરતને કનડતા નથી, કુદરતનું સન્માન કરીએ છીએ તો કુદરત પણ આપણને કનડતી નથી." (અંતાણી, નિયતિ)

## IV.કેન્દ્રીય વિચાર

ધ્રુવ ભટ્ટની ત્રણ નવલકથાઓ - 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ' અને 'અકૂપાર' એ ભારતીય ઉપખંડમાં સ્થિત ગુજરાત રાજ્યના ભિન્ન ભિન્ન ભૌગોલિક પરિવેશ દરિયો, નદી અને જંગલ)ને કેન્દ્રમાં રાખી માનવ અને પર્યાવરણ વચ્ચે એક સંવાદાત્મક સેતુ રચી આપે છે. માનવ અને પર્યાવરણ વચ્ચેના સહઅસ્તિત્વને વધુ સુચારું અને સંઘર્ષથી વિમુખ બનાવવા માટે આ નવલકથાઓ અત્યંત મદદરૂપ થાય છે.

 ISSN: 2349-6002

V.વિશ્લેષણ (Analysis)

'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ' અને 'અકૂપાર' - આ ત્રણે કથાના નાયકો એક ચોક્કસ હેતુ સાથે એક એવા વિશ્વમાં પ્રવેશ કરે છે, જ્યાં એમની જે તે સ્થળ વિશેની ધારણાઓ અંતમાં ભાગીને સાવ ભુક્કો થઈ જાય છે અને ત્રણેય એક નવી દૃષ્ટિ પામે છે. ત્રણેય નવલકથાઓમાં પ્રત્યક્ષ રીતે જોતાં લાગે કે કથાનો કથક એ જ નાયક છે પરંતુ કથાઓમાંથી પસાર થતી વખતે અથવા તો કથાના અંતે જણાય છે કે કથાનો નાયક તો પરાપૂર્વથી પૃથ્વીના કોઈ નાનકડા ખૂણે પોતાનું અસ્તિત્વ ટકાવી રહેલી એ સૃષ્ટિ છે જે સમગ્ર બ્રહ્માંડમાં વિલસી રહી છે. 'સમુદ્રાન્તિકે'નો અફાટ સમુદ્ર, 'તત્ત્વમસિ'ની જીવનદાયિની રેવા અને 'અકૂપારની ગાંડી ગીર - લેખકે આ સ્થળોને સૃષ્ટિની ધરીરૂપે આલેખ્યા છે. પર્યાવરણ પર આધિપત્ય જમાવવાના મનુષ્યના પ્રયત્નોને પોકળ પૂરવાર કરતી આ નવલકથાઓ, પર્યાવરણના અતિ સૂક્ષ્મ ઘટકો આ સૃષ્ટિના સંતુલનમાં કઈ રીતે પોતાનો ભાગ ભજવે છે એનો સુરેખ આલેખ આપે છે.

'સમુદ્રાન્તિકે'ના નાયકને બંગાળી બાવા પાસેથી મળતાં જવાબમાંથી લેખકના પર્યાવરણ વિશેના સ્થાયી ખ્યાલોનો પરિચય થાય છે. "દેખ, યે જો સમંદર હૈ, મૈંને ઉસે એક હી રૂપમાં કભી ભી નહી દેખા. યે હર પલ નયા રૂપ લેતા હૈ. યે પથ્થર, યે રાસ્તા, પેડ, પૌધે, યે મિટ્ટી યે સબ જો ઇસ પલ મેં હૈ અગલે પલ મેં વહી હોંગે ક્યા? દોસ્ત, પ્રકૃતિ એક હી રૂપ ફિર સે કભી નહિ દિખાતી. હંમેશા બદલતી રહેતી હૈ." (ભટ્ટ, સમુદ્રાન્તિકે 32) એવી જ કંઈક માર્મિકતા 'તત્ત્વમસિ'માં હરિખોહ ખીણની સુંદરતા જોઈને નાયક દ્વારા પૂછાયેલા પ્રશ્ન "કેટલા બધા રંગો છે, નહીં?"ના જવાબરૂપે સુપરિયાએ કહેલા "રંગ તો એક જ છે, ઝાંય જુદી છે." (ભટ્ટ, તત્ત્વમસિ 62) એ જવાબમાં પણ છતી થાય છે. તો વળી 'અકૂપાર'માં "અટાણે આંયાં હાલે ઈને ખબય્ર પડે કે "ગર્ય કોઈ દી સ્હૂતી નથ્ય." (ભટ્ટ, અકૂપાર 142) એવું સાંસાઇનું કથન પ્રકૃતિના ભેદી સ્વરૂપ તરફ અંગૂલિનિર્દેશ કરે છે. પ્રકૃતિના આ ભેદી સ્વરૂપની નાયકને જે પ્રતીતિ થાય છે એને લેખકે જે શબ્દો દ્વારા વર્ણવી છે એ નોંધવાલાયક છે. "કેડી પર મારી પાછળ ચાલી આવતી સાંસાઈના પગલાં, તેની ઝાંઝરીનો રણકાર, દૂર તાપણી પાસે બેઠેલા લોકોનો ધીરે ધીરે ઓછો થતો અવાજ, ધાતરડીના ઝરણાંનો મંદ રવ. સામેના વૃક્ષને થડથી ટોચ સુધી વારાફરતી સતત ઝબકતું રાખતા આગિયા. દક્ષિણમાં લગભગ અડધું આકાશ રોકીને પોતાનું જાજ્વલ્યમાન અસ્તિત્વ છતું કરતો વૃશ્ચિક. બધુંય જાણે કે જાગે છે. એટલું જ નહિ આ બધું એક અજાણ્યા, ચોક્કસ લયમાં ગતિમાન છે." ( ભટ્ટ,અકૂપાર 143)

આવાં તો અનેકાનેક દૃશ્યો ત્રણેય નવલકથામાંથી તારવી શકાય એમ છે. ત્રણેય નવલકથાનો પ્રાકૃતિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિવેશ પર્યાવરણને જીવંત બનાવે છે. 'સમુદ્રાન્તિકે'માં સમુદ્રના ભરતી-ઓટ, ખડકાળ અને વેરાન ભૂમિની નિર્જનતા, જમાદારનો કાળો કોશી, રુક્મીપાણો અને ભેંસલાપીરની જગ્યા, દરિયાનું તોફાન ને બીજાં ઘણાં દૃશ્યો પર્યાવરણના અવનવાં રૂપોની સાથે એ પર્યાવરણમાં જીવતાં લોકોની પર્યાવરણ પ્રત્યે અનાયાસે વિકસેલી પ્રતિબદ્ધતાની ઓળખ કરાવે છે. 'તત્ત્વમસિ'માં હરિખોહની ખીણ, જિંદા સાગબાન અને સાઠસાલી આદિજાતિ, બિત્તુબંગાના 'મુનિ કા ડેરા' અને શ્વાનમંડળની આકૃતિ, ઈનરા સીડી તેમજ કાલેવાલી મા અને નર્મદાની પરિક્રમા... વગેરે નવલકથાના પ્રાકૃતિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિવેશને ઉજાગર કરે છે. 'અકૂપાર'માં ઘંટલા-ઘંટલીના લગ્ન, રમજાના, રેલવેના એન્જિનની માનતા, કાચબાની વારતા, ઘેડની નીલવર્ણી દરિયાવાટ ને શાર્ક વ્હેલનો શિકાર તેમજ સિંહના વિવિધ રૂપો-સ્વરૂપો દ્વારા લેખકે ગીરની સાવ જ અજાણી પ્રકૃતિનું દર્શન કરાવ્યું છે.

આ કથાઓમાં આવતાં સાવ નિરક્ષર કે અભણ લાગતાં પાત્રો પાસે પોતાની એક આગવી જીવનદૃષ્ટિ છે. 'સમુદ્રાન્તિકે'ની અવલ હોય કે 'તત્ત્વમસિ'ની સુપરિયા કે

 ISSN: 2349-6002

પછી 'અકૂપાર'ની સાંસાઈ. પોતાના વિસ્તારની ભૂગોળ, સંસ્કૃતિ, જીવસૃષ્ટિ, પરંપરા, રીતરિવાજો, શ્રદ્ધા-અંધશ્રદ્ધા એમ તમામને તેઓ જાણે છે. જેના કારણે પર્યાવરણ સાથેનું એમનું તાદાત્મ્ય સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે.

'સમુદ્રાન્તિકે'માં વિદેશી સાધ્વીના મુખેથી નીકળેલા શબ્દો "એઠું વધારતા નંઈ, વધે તો ગાય-કૂતરાને નો નાંખતા. ઈનું એંઠું ખાવાની તમારી તિયારી હોય તો ખવરાવજો." (ભટ્ટ, સમુદ્રાન્તિકે 105) કે વીંછીને મારવા જતા નાયકને રોકતા અવલના શબ્દો "એ જે હોય તે. અત્યારે આપણે આશરે છે, એના ઘરમાં પાણી ભરાણા હશે." (ભટ્ટ, સમુદ્રાન્તિકે 134) એ પર્યાવરણને નાથવા મથતા માનવી માટે માર્ગદર્શક બની શકે એમ છે. નૂરભાઈ કાળો કોશી પક્ષીને 'જમાદાર' કહે છે તો બંગાળી બાવાને સમુદ્ર, રેતી, ઝાડી, કાંટા, આકાશ, તારા વગેરે સાથે વાતો કરવાની આદત છે. દરિયો નહાવા આવેલી વૃદ્ધાને માટે દરિયો ડોલમાં સમાય એવી મામૂલી જણસ નથી. ક્રિષ્ના ટંડેલના મતે દરિયાની મરજી ઉપરવટ હોડી હંકારી દે એવો ખારવો જનમવો બાકી છે. કોઈને તો વળી ધરતી સાદ કરે છે એ સંભળાય છે. આ બધા જ પ્રસંગો કે વર્ણનો સમુદ્રાન્તિકે નવલકથામાં માનવ અને પર્યાવરણ વચ્ચેના સંબંધનો એક મજબૂત સેતુ રચે છે. લેખકના મતે "પ્રકૃતિ જીવન ટકાવે તો છે જ. પણ તેના સતત સંસર્ગે રહેનારને જીવન જીવતાં પણ શિખવાડે છે." (ભટ્ટ, સમુદ્રાન્તિકે 68) એ બાબત ઉપરનાં દૃષ્ટાંતો વડે સાબિત થાય છે.

'તત્ત્વમસિ'માં પોતાના ભાઈ બિત્તુને મારનાર નરભક્ષી વાઘણને બંગા ગલસંટામાંથી મુક્ત કરી દે છે, કારણ કે એ વાઘણને બચ્ચાં હતાં. પ્રકૃતિ સાથેનું ઉત્કટ તાદાત્મય ધરાવતા આદિવાસીઓમાં પ્રકૃતિને અનુકૂળ થવાની અને એને સાચવવા માટેની આગવી સમજ અને સૂઝ હોય છે એ આ નવલકથાના આ દૃશ્ય પરથી સાબિત થાય છે. મધઉછેર માટે મધપેટી ગોઠવવાનું આયોજન કરતા નાયકને સુપ્રિયા કહે છે: "મધમાખીને પણ સંસાધન ન ગણશો, એ અસ્તિત્વ છે." (ભટ્ટ, તત્ત્વમસિ 131) પર્યાવરણને માત્ર સંસાધન ગણતી આધુનિક માનવસભ્યતા માટે આ સંવાદ એક બોધ બની શકે એમ છે. તો લુપ્ત થતાં જતાં પર્યાવરણનાં વિભિન્ન ઘટકો કે લુપ્ત થતી જતી સંસ્કૃતિઓના સંદર્ભમાં સુપ્રિયાના મુખેથી લેખકે કહેલી આ વાત પણ અત્યંત પ્રસ્તુત છે. સુપ્રિયા કહે છે: "...એકાદ પ્રાણી કે પક્ષીની નસલનું અસ્તિત્વ જોખમમાં પડે તો આખી દુનિયા તેને બચાવી લેવા તૈયાર થઈ જાય છે. કહેવાતા બુદ્ધિજીવીઓ હાંફળા-ફાંફળા બનીને બોલવા-લખવા બેસી જાય છે. પૈસા ખર્ચે અને વિરોધ પણ કરે. પણ માણસની આખી સંસ્કૃતિ, તેની પરંપરા, તેના જીવનની ધરોહર સમૂળગી નાશ પામે, આખી વ્યવસ્થા જ ભાંગી પડે તેને પરિવર્તન ગણીને વધાવે - આ મને યોગ્ય લાગતું નથી..." (ભટ્ટ, તત્ત્વમસિ 61) જિંદા સાગબાન અને સાઠસાલીની વાતો ભલે કાલ્પનિક લાગે, પરંતુ પર્યાવરણમાં થયેલા નાનામાં નાના ફેરફારને એ અભણ આદિવાસીઓ તરત પારખી શકે છે એ પણ પ્રકૃતિ સાથેના સતત સહવાસનું જ પરિણામ છે.

'અકૂપાર' નવલકથા માનવી અને પ્રકૃતિના સહઅસ્તિત્વની ગરવી ગાથા છે. ગીર અને એના વૈભવને જાણતા ત્યાંના માલધારીઓ અને ફોરેસ્ટના કર્મચારીઓ ડગલે ને પગલે એની પ્રતીતિ કરાવે છે. "ખડની આમન્યા ન રાખે ઈ માલધારી ગયૃની આમન્યા સૂક્યો ગણાય." (ભટ્ટ, અકૂપાર 90) એવું કહેતાં આઈમા ગીરમાં ઉગેલા કુવાડિયા નામના ઘાસ બાબતે જે વાત કરે છે એ સૃષ્ટિ-સંતુલનની વાતો કરતાં ભલભલા પર્યાવરણવિદને પણ વિચારતો કરી મૂકે એવી છે. રમજાના નામની સિંહણ અને સાંસાઈનો એકબીજા પ્રત્યે જે વ્યવહાર છે એ સહઅસ્તિત્વનું ઉત્તમ ઉદાહરણ છે. "જનાવર આપડી હાયરે રે'તા સીખી ગ્યા, પણ આપણે ઈનીં હાયરે રે'તા નો સીખ્યા." (ભટ્ટ, અકૂપાર 121) એવું કહેતી સાંસાઇ સિંહને 'જંગલી' પ્રાણી નથી ગણતી. ધાનુ પર સિંહનો હુમલો, સોનલ પર સિંહણનો હુમલો, દીવાકરનની દીપડા સાથેની મિત્રતા, લાજોની ગાયનું સિંહો દ્વારા મારણ, રવાઆતા દ્વારા ટેકરિયુંને પરણાવવા

 ISSN: 2349-6002

પાછળનો હેતુ... આ બધા પ્રસંગોથી ગીરની ગૌરવશાળી જીવનસંપદાનો અને માનવ તેમજ પ્રકૃતિના સહઅસ્તિત્વનો સુપેરે ખ્યાલ આવે છે. 'ગિરનો સિંહ' અને 'જ્વેલ્સ ઓફ ગિર'માં સંશોધનાત્મક દૃષ્ટિથી ગીરના સિંહ અને ગીરની પ્રાકૃતિક સંપદાનો લેખકોએ પરિચય કરાવ્યો છે જે આ સંદર્ભમાં ઉલ્લેખનીય છે. ધ્રુવ ભટ્ટના મતે પ્રકૃતિ માટે જીવન કે મૃત્યુ ઊર્જાના રૂપાંતરણથી વિશેષ કશું નથી. તોય અબોલ પર્યાવરણને સમજવા મથતી અને એની સાથે જીવતી માનવસભ્યતાઓ હવે લુપ્ત થવાના આરે છે, ત્યારે આ નવલકથામાં રહેલો લેખકનો પર્યાવરણ પરત્વેનો આ નવ્ય અભિગમ નવી દિશાઓ ઉઘાડી આપે છે. ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી પર્યાવરણ અને પરંપરાનો એક સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોમાં દૈવી કે અલૌકિક શક્તિઓનું આરોપણ કરીને માનવીને યોગ્ય રસ્તે ચાલવાનો શિરસ્તો પરાપૂર્વથી ચાલ્યો આવે છે. નદી, પર્વત, વૃક્ષ, સાપ, પશુ-પંખીઓ વગેરેનું જતન-સંવર્ધન કરવા માટે આપણા પૂર્વજોએ એ તત્ત્વોની ઉપાસના કરી અને સામાન્ય માનવી માટે શ્રદ્ધાના સ્થાન બનાવ્યા. જેથી કરીને પ્રકૃતિ સાથે એક યોગ્ય અંતર કે મર્યાદા જળવાઈ રહે. જૂનાં રીતરિવાજો, શ્રદ્ધા-અંધશ્રદ્ધા બાધા-માન્યતાઓ પાછળ પણ એક ચિરંતન પરંપરા રહેલી છે એ આ નવલકથાઓ પૂરવાર કરી આપે છે.

'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ' અને 'અકૂપાર'માં પરંપરા કે સંસ્કૃતિ પર્યાવરણને અનુષંગે વિશિષ્ટ રીતે આકાર પામે છે. નગરસભ્યતા અને આદિમ સભ્યતા વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ રીતે ઉપસી આવે છે. પ્રકૃતિથી વિમુખ થયેલા માણસમાં આજે જેનો અભાવ જોવા મળે છે એ સાહજિકતા, નિર્ભિકતા, નિખાલસતા, નિર્દંભીપણું વગેરે ગુણો પ્રકૃતિની સાથે કે નજીક રહેતા માણસમાં કોઈપણ જાતના આવરણ વગર પ્રગટ થતાં હોય છે.

'સમુદ્રાન્તિકે'માં બરાબર ચાલી પણ નથી શકતા એ ભાભુને દરિયો નહાવા જવું છે. 'ભેંસલાપીર' નામની જગ્યાએ હોડી ન નાંગરી શકે એ સત્ય જાણતી પ્રજા ત્યાં કોઈ દરિયાપીર હોવાની કલ્પના કરે અને એની પૂજા પણ કરે. શુક્રતારકને 'ફાનુસ' કે 'છોકરા ઢીબણિયો' કહેતી બેલી પાસે એ સંબોધનો કરવા પાછળનાં સચોટ અને યોગ્ય કારણો પણ છે. અહીં પથ્થરોનાં પણ નામ છે. અહીંના લોકો માને છે કે હજારો વર્ષો પહેલા એક રાજકુમારીનું અપહરણ કરીને ભગવાન નીકળ્યા હતા એટલે જ દરિયાકાંઠે રુક્મીપાણાની નીચેથી મીઠા પાણીની નદીઓ વહે છે. વિષ્નોને સાપ કરડે છે ત્યારે અવલ જેવી સુશિક્ષિત નારી સાપ ઉતારવા માટે દરગાહ જવાની વાત કરે ત્યારે ઘડીભર આંચકો લાગે. પણ બીજી જ પળે એમ કરવા પાછળ એક મા તરીકેની એની જવાબદારી અને કર્તવ્ય વિશે જાણતાં આપણી આધુનિક માન્યતાઓ ભાંગી પડે છે. અડધી રાતે કાંટમાંથી લાકડા વીણતાં છોકરાઓને રોકવાની ના પાડતી અવલનું એની પાછળનું કારણ કહેવાતા સભ્ય સમાજની પાપ-પુણ્ય, નીતિ-અનીતિની વ્યાખ્યાઓથી પર છે.

'તત્ત્વમસિ'માં નદીને માત્ર નદી તરીકે ઓળખતા નાયકને "મા નરબદા તારી રક્ષા કરે" (ભટ્ટ, તત્ત્વમસિ 13) એવું સંભળાતા પ્રશ્ન થાય છે કે "નદી તે રક્ષા કરે કે ડૂબાડે ?" (ભટ્ટ, તત્ત્વમસિ 13) એ નગરસભ્યતાનું પરિણામ છે. નાયકને ભલે એ પ્રશ્નનો જવાબ સાંભળી સંતોષ ન થયો હોય પણ મૂળમાં પહોંચતાં ખ્યાલ આવશે કે લાખો-કરોડો જીવોનું આશ્રયસ્થાન બનીને નદી 'લોકમાતા'નું બિરુદ પામી છે. નર્મદાજયંતી નિમિત્તે નદીને ઓઢાડાતી સાડી કે બારસો માઇલમાં પથરાયેલી નર્મદાની પરિક્રમા એ કોઈ વિધિવિધાન માત્ર નથી, પરાપૂર્વથી ચાલી આવતી પરંપરા છે. નદીની પરિક્રમા બાબતે નાયકને ઉઠેલી શંકા સામે સુપ્રિયાએ નાયકને આપેલા સચોટ જવાબથી આ વાત વધુ સ્પષ્ટ થાય છે. તો શાસ્ત્રીજીના આ વાક્યો પણ એ જ વાત દોહરાવે છે: "બિહારી, ધર્મની નથી એટલી ચિંતા મને સંસ્કૃતિની છે. આપણી જીવનરીતિ અને પરંપરાઓની છે...હવે આપણી જીવનદૃષ્ટિ બદલવાના પ્રયત્નો થાય છે. આપણી પરંપરા, આપણી સંસ્કૃતિ... આ જશે તો આ દેશ નહીં ટકે. મારી ચિંતા એ છે, ધર્મ નથી." (ભટ્ટ, તત્ત્વમસિ 55)

 ISSN: 2349-6002

નર્મદાની પરિક્રમા કરનાર અને નદીવિષયક સુંદર પુસ્તક આપનાર અમૃતલાલ વેગડના આ વિધાનો આ નવલકથાના સંદર્ભે પણ ખપમાં આવે એમ છે. "વિરાટથી વિરાટ અને સૂક્ષ્મથી સૂક્ષ્મ પરિક્રમાઓ અનંત કાળથી અપ્રતિહત વેગે ચાલી રહી છે. એ જો ન હોય તો સૃષ્ટિનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય. પરંતુ આ સભાન પરિક્રમાઓ નથી, આપમેળે થઈ રહી સ્વયંભૂ પરિક્રમાઓ છે." (વેગડ, સૌંદર્ય 05)

સાવ ગરીબ આદિવાસી જમાડ્યા વગર કોઈને જવા દેતો નથી એની પાછળનું કારણ પણ આ સાંસ્કૃતિક પરંપરા છે. તો મીઠું ખાઈને મહેમાનગતિ માણતી સુપ્રિયા કે મહુડી પીને યજમાનનું બધું જ ખાઈ ગયાનું માનતો ગંડુ ફકીર સુપ્રિયાને જમવાની ના પાડે છે એના કારણો પણ આ જીવનરીતિ કે પરંપરામાં જ પડ્યાં છે. 'પુરિયા ડાકિન ભયલી' એવું માનીને એને જીવતી સળગાવી દેવા માટે તૈયાર થયેલા આદિવાસીઓની અંધશ્રદ્ધાનું નિવારણ અંધશ્રદ્ધા દ્વારા જ કરીને સુપ્રિયા લોકોની માન્યતાઓને ઠેસ પહોંચવા દેતી નથી. સાઠસાલી આદિવાસીઓની પરંપરાઓ અને માન્યતાઓ ભલે થોડી અગોચર લાગે પણ જે તારાઓને જોવા માટે આધુનિક ટેલિસ્કોપની જરૂર પડે એ તારાઓ સાથે આ આદિવાસીઓનો આખો વારસો જોડાયેલો છે. 'નદી રક્ષા કરે કે ડૂબાડે ?'ની અશ્રદ્ધાથી શરૂ થયેલી નાયકની સફર 'નર્મદે હર' સુધી પહોંચે છે એમાં આ સાંસ્કૃતિક પરંપરા જ મોટો ભાગ ભજવે છે.

'અકૂપાર'માં ઘંટલા અને ઘંટલી નામની ટેકરીઓને પરણાવતા રવાઆતાની માન્યતાઓ આ જમાનામાં કોઈને ગળે ઉતરે એવી નથી, પણ એમાં એક સંસ્કૃતિ વિશિષ્ટ રીતે વ્યક્ત થાય છે. "હકનું મળે ઈ ખાવું" (ભટ્ટ, અકૂપાર 73) એવું કહેતાં અપંગ કાનાએ ક્યાં શાસ્ત્રમાં કે પુસ્તકોમાં આ વાંચ્યું હશે? છોકરો ચાલતો થઈ જાય એ માટે રેલગાડીની બાધા રાખતી સાબા અને એ બાધા પૂરી કરવા માટે રેલગાડી ઊભી રાખતા એન્જિન ડ્રાઇવરનું આ કથન પણ પરંપરાઓનું વહન કરતાં લોકોનો સારી રીતે પરિચય કરાવે છે. એન્જિન ડ્રાઈવર કહે છે: "એને એટલો વિશ્વાસ હસે ત્યારે જ ને? બાકી આમ જુઓ તો મંદિરમાં મૂર્તિય અંતે તો પાણા વિના બીજું સ્હું છે? પણ દુનિયા વિશ્વાસે હાલે છે... આપડે તો એનો વિશ્વાસ પરમાણ." (ભટ્ટ, અકૂપાર 128) ધાનુ પર સિંહે કરેલા હુમલાને રતનબાઈ કઈ રીતે મૂલવે છે એ નોંધવા જેવું છે. એ કહે છે: "સિકારી તો ટૂરિસને બસાવે જ ને ! આવે ટાણે સિકારી પાસો પડે તો તો કાસબો હલી જાય." (ભટ્ટ, અકૂપાર 167) આ ક્યો કાચબો એનું ચિંતન કરતાં આપણે એક સભ્ય સમાજના પ્રતિનિધિ તરીકે રતનબા આગળ ઘણા પછાત સાબિત થઈએ. શાર્ક વ્હેલ પકડતા માછીમારોને સમજાવવા માટે રાણી પરંપરાનો, રિવાજનો કેવી સહજતાથી ઉપયોગ કરી જાણે છે એ આ એક જ વાક્ય પરથી પ્રમાણિત કરી શકાય છે. "આણાવ્યું દીકરિયું ઘેર આવે ઈને પેટમાં બસાં સોતી પકડી લોય ઈ કીવું?" (ભટ્ટ, અકૂપાર 224) જ્યાં કથિત સભ્ય સમાજની સમજ, માન્યતાઓ અને ધારણાઓનો અંત આવી જાય છે ત્યાંથી નવલકથામાં નિરૂપિત આ પાત્રોની-લોકોની સમજ, માન્યતાઓ અને ધારણાઓ શરૂ થાય છે. શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધાની પરવા કર્યા વિના માત્ર પરંપરાનું પાલન કરવાનું આ લોકોને પ્રકૃતિ શીખવાડે છે.

## VI.નિષ્કર્ષ (Conclusion)

પ્રકૃતિથી વિચ્છેદન પામેલા માણસને ફરી પ્રકૃતિ સાથે જોડી આપતી આ નવલકથાઓ ગુજરાતી સાહિત્યની પર્યાવરણકેન્દ્રી કૃતિઓનું પ્રતિનિધિત્વ કરતી સક્ષમ નવલકથાઓ છે. આ નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં પર્યાવરણકેન્દ્રી સાહિત્યનું એક નવું આકાશ રચી આપે છે. ભવિષ્યમાં રચાનારી પર્યાવરણકેન્દ્રી કૃતિઓ માટે આ નવલકથાઓ માર્ગદર્શક બની શકે એમ છે. માત્ર પ્રાકૃતિક વર્ણનો કે સંવાદોને બદલે આ નવલકથાઓમાં ભાવ, ભાષા, પાત્રો, પ્રતીકો, વર્ણનો અને સંઘર્ષનું એક સાયુજ્ય રચાય છે, જેના કારણે આ નવલકથાઓ પર્યાવરણકેન્દ્રી

આસ્વાદ અને અભ્યાસ માટે ઈંજન પૂરું પાડે છે. 'સમુદ્રાન્તિકે'ના નિવેદનમાં લેખક લખે છે, "સાહિત્યજગતના અધિકારીઓએ પ્રબોધેલા નિયત લખાણ-પ્રકારોને ધ્યાનમાં લીધા વિના આ વાત મેં લખી છે." (ભટ્ટ, સમુદ્રાન્તિકે) માત્ર પ્રકૃતિવર્ણનો કરવાથી તો ઝાડનાં ડાળ-પાંદડાં જ પામી શકીએ. આ નવલકથાઓ વાચકને ઝાડના મૂળ સુધી લઈ જાય છે. પર્યાવરણનો માત્ર સંસાધન તરીકે ઉપયોગ કરતાં માણસને પર્યાવરણની ખરી ઓળખ આ નવલકથાઓ કરાવે છે. આ નવલકથાઓમાં આવતાં પાત્રો કે પ્રસંગોને સત્ય-અસત્ય, પ્રામાણિક-અપ્રામાણિક કે સભ્ય-અસભ્યના ધોરણોથી ચકાસવા જતાં પક્ષપાત થવાનો ભય છે. માણસ આ પૃથ્વી પર કોઈ સ્વતંત્ર ઘટક નથી, પરંતુ પર્યાવરણનું જ એક ઘટકતત્ત્વ છે એ બાબતની તીવ્ર પ્રતીતિ આ નવલકથાઓ વાંચતાં થાય છે. એકવીસમી સદીમાં માનવ અને પર્યાવરણ વચ્ચે વધતી જતી ખાઈને પૂરવા માટે આ નવલકથાઓ મદદગાર સાબિત થાય એમ છે.

*અંતમાં, 'સમુદ્રાન્તિકે'ના છેલ્લા પ્રકરણમાં લેખકે નાયકના મુખે ઉચ્ચારેલી વાતથી સમાપન કરું તો, "...હું સ્વીકારું છું કે ધરતી ખરેખર સાદ કરતી હોય છે અને કેટલાક વિરલ જનો એ સાદ સાંભળવા અને તેનો જવાબ આપવા શક્તિમાન હોય છે. પ્રકૃતિ અને માનવી વચ્ચે પરાપૂર્વથી સ્થપાયેલો વ્યવહાર છે જ. આ સચરાચરમાં ક્યાંક કોઈક છૂપો માર્ગ છે જે માર્ગે જડ અને ચેતન પરસ્પર વાર્તાલાપ કરી શકે છે." (ભટ્ટ, સમુદ્રાન્તિકે 146)*

## સંદર્ભસૂચિ


[1] અંતાણી, નિયતી. "તત્ત્વમસિ નવલકથા…" સાહિત્યસેતુ, Vol. 45, Issue no. 3, May-June 2018 www.sahityasetu.co.in/issue45/seminar/niyati.php# Accessed 25 Dec. 2025

[2] ભટ્ટ, ધ્રુવ. *અકૂપાર*. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. 2010

[3] ભટ્ટ, ધ્રુવ. *તત્ત્વમસિ*. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. 1998

[4] ભટ્ટ, ધ્રુવ. *સમુદ્રાન્તિકે*. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. 1993

[5] ચૌધરી, સંજય. *"ગીર, તેના પર્યાવરણ…" પરબ*, ઓગસ્ટ 2012. pp. 11-22

[6] દાદાવાલા, દર્શિની. "સાહિત્યમાં ઇકો-ક્રિટીસીઝમ…" Research Guru, Vol. 12, Issue no. 3, Dec. 2018. https://www.researchguru.net/volume/Volume%2012/Issue%203/RG160.pdf Accessed 25 Dec. 2025

[7] જોશી, ઉમાશંકર. વિશ્વશાંતિ, *https://rekhtagujarati.org/khandkavya/wishwshanti-umashankar-joshi-khandkavya*

[8] કુમાર, સંદીપ અને મોઇન પઠાણ. *ગિરનો સિંહ*. આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ. 2015

[9] કુમાર, સંદીપ અને મોઇન પઠાણ. *જ્વેલસ ઓફ ગિર*. આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ. 2015

[10] Lee, Hoesung. et al. *Summary for Policymaker, AR6 Synthesis Report CLIMATE CHANGE 2023, Intergovernmental* Panel on Climate Change, 2023, AR6 Synthesis Report: Climate Change 2023 — IPCC. Accessed 11 Nov. 2025

[11] પટેલ, રોશની. "તત્ત્વમસિ નવલકથા…" IJRSML, Vol. 11, Issue no. 7, July 2023. www.raijmr.com/ijrsml/wp-content/uploads/2023/10/IJRSML_2023_vol11_issue_07_Eng_06.pdf Accessed 25 Dec. 2025

[12] ઠક્કર, ચિરાગ. "ધ્રુવ ભટ્ટની જડથી ચેતન…" અભિજ્ઞ. 2021.https://chiragthakkar.me/2021/03/18/dhruv-bhatt-samudrantike-book-review-chirag-thakkar/ Accessed 25 Dec. 2025

[13] United Nations. *Report of the United Nations Conference on the Human Environment, Stockholm, 5-16 June 1972*. United Nations, 1973. A/CONF.48/14/Rev.1. www.docs.un.

ISSN: 2349-6002

org/en/A/CONF.48/14/Rev. Accessed 25 Dec. 2025
[14] વેગડ, અમૃતલાલ. *સૌંદર્યની નદી નર્મદા.* આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ.
[15] વ્યાસ, કિશોર. *"અજરામર ગીર..."* પરબ, મે 2011. pp. 74-77